IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ગ્રામ્ય જીવનમાં બિન-ઉપજાઉ ખર્ચનો અભ્યાસ

**જલદીપકુમાર ઠાકર**
**સંશોધક**
**ડૉ. રાજીવ પટેલ**
**પ્રાધ્યાપક**
**ગ્રામ વ્યવસ્થાપન વિભાગ, ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**

**સારાંશ :**
આ અભ્યાસ પેઢામલી અને માઢી ગામમાં કુટુંબોની ખર્ચ પેટર્ન્સ અને સામાજિક અનુસરણોને અવલોકન કરે છે. પેઢામલીમાં ૨૮૯ અને માઢીમાં ૫૫૦ કુટુંબો હોવાનો પરિણામે, કુટુંબના ખર્ચ પર ૪૦૦ કુટુંબોએ માહિતી આપી છે. પેઢામલી ગામના અડધા કરતા વધુ (૫૨%) કુટુંબોમાં દારૂનું વ્યસન જોવા મળેલ છે જે માઢી ગામ (૨૩%) કરતા બમણા કરતા પણ થોડું વધુ છે. સૌથી વધુ
બિન-ઉપજાઉ ખર્ચ એટલે કે રૂ. ૧૫૦૦ થી વધુ ખર્ચ આ બાબતે થતો હોય તેમાં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગમાં (૮૩%), અનુ. જાતિ માં (૬૨%) અને સામાન્ય વર્ગમાં (૨૭%) મુજબ ખર્ચ થઈ રહ્યો છે. સામાજિક અને શૈક્ષણિક જાગૃતિના અનુસરણોને પેઢામલી ગામમાં ખર્ચ વધારે છે. પરંતુ બન્ને ગામમાં રીતિ-રિવાજ અને પ્રસંગના સંબંધમાં વધુ ખર્ચ પર અસર કરે છે, જે નાણાકીય નિર્ણયોને પ્રભાવિત કરે છે. લોકો સામાજિક સ્થિતિ, સગા-સંબંધી સાથેના વ્યવહારો, વ્યસનો, એકબીજાનું આંધળું અનુકરણ, સમાજિક જાગૃતિનો અભાવ વગેરે કારણોસર ખર્ચા વધી રહેલ છે.

**કી-વર્ડ**: જીવનશૈલી, બિન-ઉત્પાદકીય ખર્ચ

## ૧. પ્રસ્તાવના

ભારતના સ્વપ્નદ્રષ્ટા તરીકે મહાત્મા ગાંધીને ગામડાઓ વિશે ખુબ જ સ્પષ્ટ ખ્યાલ હતો મહાત્મા ગાંધીજીના મતે ગ્રામીણ જીવનશૈલી ખૂબ જ મહત્વપૂર્ણ અને પરિપૂર્ણ જીવનની છે. તેમના વિચારો અને દ્રષ્ટિકોણ મુજબ, ભારતની સમૃદ્ધિ અને વિકાસનો આધાર ગામડાંઓમાં રહેલો છે. ગાંધીજીએ હંમેશા પ્રોત્સાહન આપ્યું કે આપણા રાષ્ટ્રીય જીવનનું હૃદય ગામડાંઓમાં વસી રહ્યું છે, અને તેમની માન્યતા હતી કે દેશના વાસ્તવિક વિકાસ માટે ગામડાંઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું આવશ્યક છે. સમગ્ર વિશ્વ અત્યારે તમામ ક્ષેત્રે ખૂબ ઝડપથી વિકસી રહ્યુ છે. તેમાં ભારત દેશ પણ ભૌતિક રીતે વિકાસ સાધી રહ્યો છે. ઔધોગિક ક્રાંતિના કારણે ઉપલબ્ધ બનેલી આધુનિક ટેક્નોલોજીના પ્રતાપે દરેક ક્ષેત્રે ઉત્પાદન વધવા માંડ્યુ છે. તેના પરિપાકરૂપે માનવ જીવનમાં ઉપભોગવાદ પેદા થયો છે. પુર્વે ટેક્નોલોજીના ઉદ્દભભવ પહેલા સાદી પદ્ધતિ દ્વારા નાનાપાયા પર ગૃહઉધોગો દ્વારા ખપ પૂરતુ ઉત્પાદન થતુ. કૃષિ, પશુપાલન એ આજીવિકાનું મુખ્ય ક્ષેત્ર હતુ. મોટા પ્રમાણમા લોકો ગામડામાં રહેતા, અને તેમનુ જીવન સાદુ અને સંતુષ્ટ હતુ. અત્યંત ધનાઢ્ય લોકો જ મોજ શોખ અને સુખ-સગવડો ભોગવતા, પરંતુ તેની સીમાઓ નક્કી રહેતી. પરંતુ ઔધોગિક ક્રાંતીના કારણે વિપુલ પ્રમાણમાં ચીજવસ્તુઓનુ ઉત્પાદન વિવિધ સ્વરૂપે બજારમાં આવવા લાગ્યુ અને લોકો વધુ પ્રમાણમાં વસ્તુઓ વાપરવા લાગ્યા અને ક્રમશ: તેમા વધારો થવા પામ્યો અને ભૌતિકવાદ પણ વધવા લાગ્યો. માંગને સંતોષવા માટે મોટા પાયા પર ઉત્પાદન કરવામા આવે છે અને તેના માટે કુદરતી સાધન સંપતિનો વિપુલ પ્રમાણમા ઉપયોગ કરવામા આવે છે. વિકાસની સાથો સાથ કેટલીક સમસ્યાઓ પણ ઉભી થઈ રહી છે. ગાંધીજીએ ભૌતિકવાદી જીવન પદ્ધતિના ખતરા સંદર્ભે કહ્યુ છે કે “આપણી પૃથ્વી તેની પર વસતા સૌ કોઇની જરૂરિયાતો (Need)સંતોષવા જેટલી પૂરતી સક્ષમ છે. પરંતુ તેની ઉપર વસતા બધા લોકોની લાલચ (Greed) પૂરી કરવા જેટલી સમૃધ્દ્ધ નથી”.

## ૨. હેતુઓ

ગ્રામીણ જીવનશૈલીના અભ્યાસ પ્રયોજવા પાછળના હેતુઓ નીચે મુજબના છે;

- ગ્રામીણ ક્ષેત્રમાં વ્યસનનું પ્રમાણ તેમજ ગામની તુલના
- જ્ઞાતિ આધારિત બિન ઉપજાઉ ખર્ચ ની માહિતી મેળવી તેને દુર કરવાના વ્યવહારુ ઉપાયો શોધવા

- રીત-રીવાજો અને તહેવારો પાછળ થતા ખર્ચ અને તેનો સમાજિક પ્રભાવ

## ૩. ક્ષેત્રની પસંદગી

ગૂજરાત વિદ્યાપીઠ પુરસ્કૃત ગ્રામશિલ્પી યોજના અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષથી ઉત્તર ગુજરાતના મહેસાણા જીલ્લાના વિજાપુર તાલુકાના પેઢામલી ગામમાં આરોગ્ય, શિક્ષણ, મહિલા જાગૃતિ, આજીવિકા, કૃષિ, બચત, પશુપાલન, દૂધ-મંડળી જેવા કાર્યો સાથે સંશોધક સંકળાયેલ હોવાથી આજ ગામ તથા તેમાંથી છુટા પડેલા માઢી ગામનો સંશોધનક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવેલ છે. જેના મુખ્ય પરિબળોમાં વર્ષોથી ત્યાં રહેવાનું હોવાથી તે વિસ્તારનો પરિચય હોવાથી તથા ભવિષ્યમાં પણ આજ વિસ્તારમાં ગ્રામ વિકાસના કામો કરવાના હોવાથી આ ક્ષેત્રની પસંદગી કરેલ છે. પેઢામલી (તા. વિજાપુર) ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના ઉત્તર ભાગમાં આવેલા મહેસાણા જિલ્લામાં આવેલા કુલ ૧૦ (દસ) તાલુકાઓ પૈકીના એક એવા વિજાપુર તાલુકામાં આવેલું એક ગામ છે. પેઢામલી ગામના લોકોનો મુખ્યવ્યવસાય ખેતમજૂરી, ખેતી તેમજ પશુપાલન છે. આ ગામમાં મુખ્યત્વે ઘઉં, જીરુ, વરીયાળી બાજરી, કપાસ, દિવેલી તેમ શાકભાજીના પાકની ખેતી કરવામાં આવે છે. આ ગામમાં પ્રાથમિક શાળા, પંચાયતઘર, આંગણવાડી તેમ જ દૂધની ડેરી જેવી સવલતો પ્રાપ્ય થયેલી છે. માઢી ગામ એ પેઢામલી ગામમાંથી જ અલગ પડેલ છે માટે તેના વિશે અલગથી માહિતી આપવામાં આવેલ નથી.

## ૪. નમુના પસંદગી

પેઢામલી ગામમાં કુલ કુટુંબોની સંખ્યા ૨૮૯ છે તેમજ માઢી ગામમાં કુલ કુટુંબોની સંખ્યા ૫૫૦ છે. આમ કુલ ૭૮૯ કુટુંબોમાંથી ૪૦૦ કુટુંબોની નિદર્શ તરીકે પસંદ કરવા માટે યદ્દચ્છ નિદર્શન કરવામાં આવેલ છે. અહી ૨૦૦ કુટુંબો પેઢામલી ગામમાંથી અને ૨૦૦ કુટુંબો માઢી ગામમાંથી પસંદ કરવામાં આવેલ. સૌ પ્રથમ ગ્રામપંચાયત માંથી તમામ કુટુંબોની યાદી મેળવવામાં આવી ત્યાર બાદ આ યાદી ને સાદા યદ્દચ્છ નિદર્શન પદ્ધતિના ઉપયોગ માટે દરેક કુટુંબની ચીઠી બનાવવામાં આવી. ચિઠીઓ તૈયાર કર્યા બાદ પેઢામલી ગામમાંથી ૨૮૯ માંથી ૨૦૦ કુટુંબો ચીઠી દ્વારા પસંદ કરવામાં આવેલ અને ત્યારબાદ આ જ પદ્ધતિથી માઢી ગામમાંથી ૫૫૦ માંથી ૨૦૦ કુટુંબો ચીઠી દ્વારા પસંદ કરવામાં આવેલ. આમ, ઉપરોક્ત સાદા યદ્દચ્છ નિદર્શન પદ્ધતિના ઉપયોગ દ્વારા ૪૦૦ કુટુંબોની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવેલ.

## ૫. માહિતીનું વિશ્લેષણ

- **કોષ્ટક- ૧:- કુટુંબની માસિક આવક**


| કુટુંબની કુલ માસિક આવક | પેઢામલી | | માઢી | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | આવૃત્તિ | % | આવૃત્તિ | % | આવૃત્તિ | % |
| ૫૦૦૦ કે તેથી ઓછી | 47 | 24% | 5 | 3% | 52 | 13% |
| ૫૦૦૧ થી ૧૦૦૦૦ | 109 | 55% | 58 | 29% | 167 | 42% |
| ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ | 25 | 13% | 47 | 24% | 72 | 18% |
| ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ | 17 | 9% | 24 | 12% | 41 | 10% |
| ૩૦૦૦૧ થી ૪૦૦૦૦ | 2 | 1% | 36 | 18% | 38 | 10% |
| ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ | 0 | 0% | 11 | 6% | 11 | 3% |
| ૫૦૦૦૦ થી વધુ | 0 | 0% | 19 | 10% | 19 | 5% |
| કુલ | 200 | 100% | 200 | 100% | 400 | 100% |

પ્રસ્તુત કોષ્ટક પરથી જોઇ શકાય છે કે અભ્યાસમાં સામેલ કુટુંબોમાં સૌથી વધુ એટલે કે ૪૨% કુટુંબો એવા છે કે જેઓની આવક ૫૦૦૧ રૂ. થી ૧૦૦૦૦ રૂ. ની વચ્ચે છે. પેઢામલી ગામમાં આ પ્રમાણ અડધા કરતાં પણ વધુ એટલે કે 55% કુટુંબો ઉપરોક્ત માસિક આવક અંતર્ગત આવી રહ્યા છે. ૧૩% પરિવાર એવા છે કે જેઓની માસિક આવક ૫૦૦૦ રૂપિયા કરતા પણ ઓછી છે, જેમાં ૨૪% કુટુંબો પેઢામલી ગામના છે, જ્યારે ૩% કુટુંબો માઢી ગામના છે. ૧૮% કુટુંબો એવા છે કે જેઓની માસિક આવક 30000 રૂ. કરતાં વધુ છે, જેમાં ૯૭% કુટુંબો માઢી ગામમાંથી જ આવી રહ્યા છે. માઢી ગામના કુલ કુટુંબોમાં 33% કુટુંબો એવા છે જેમની આવક 30000 રૂ. કરતાં વધુ છે, જ્યારે પેઢામલી ગામમાં આ પ્રમાણ માત્ર ૧%નું જ છે. પેઢામલી ગામનો એક પણ પરિવાર ૪૦૦૦૦ રૂ. કરતા વધુ આવક ધરાવનારના વર્ગમાં સામેલ નથી, જ્યારે માઢી ગામમાં ૧૬% પરિવાર છે જેઓની માસિક આવક ૪૦૦૦૦ રૂ. કરતાં પણ વધુ છે. આ માહિતીના આધારે કહી શકાય કે પેઢામલી ગામમાં ત્રણ ચતુર્થાંશ પરિવારની ની આવક ૧૦૦૦૦ રૂ. કરતાં પણ ઓછી છે. આમ, આવકની દ્રષ્ટિએ પેઢામલી ગામ માઢી ગામ કરતાં ખૂબ ઓછી આવક ધરાવે છે.

❖ **કોષ્ટક-૨:- કુટુંબ મુજબ સરેરાશ બિન ઉપજાઉ ખર્ચ**

| **સરેરાશ બિન ઉપજાઉ ખર્ચ (વ્યસન, બીડી, દારૂ, તમાકુ, જુગાર, ગુટખા, વ્યભિચાર વગેરે)** | **પેઢામલી** | | **માઢી** | | **કુલ** | |
|---|---|---|---|---|---|---|
| | **આવૃત્તિ** | **%** | **આવૃત્તિ** | **%** | **આવૃત્તિ** | **%** |
| કોઈ ખર્ચ નહિ | 0 | 0% | 4 | 2% | 4 | 1% |
| ૨૦૦ રૂ. થી ઓછો | 0 | 0% | 6 | 3% | 6 | 2% |
| ૨૦૧ થી ૫૦૦ રૂ. | 0 | 0% | 12 | 6% | 12 | 3% |
| ૫૦૧ થી ૧૦૦૦ રૂ. | 4 | 2% | 70 | 35% | 74 | 19% |
| ૧૦૦૦ થી ૧૫૦૦ રૂ. | 6 | 3% | 46 | 23% | 52 | 13% |
| ૧૫૦૧ થી ૨૦૦૦ રૂ. | 96 | 48% | 34 | 17% | 130 | 33% |
| ૨૦૦૧ થી ૨૫૦૦ રૂ. | 44 | 22% | 20 | 10% | 64 | 16% |
| ૨૫૦૧ થી ૩૦૦૦ રૂ. | 36 | 18% | 6 | 3% | 42 | 11% |
| ૩૦૦૦ રૂ. થી વધુ | 14 | 7% | 2 | 1% | 16 | 4% |
| કુલ | 200 | 100% | 200 | 100% | 400 | 100% |

ઉપરોક્ત કોષ્ટક કુટુંબો બિન ઉપજાવ ખર્ચ જેમ કે વ્યસન, બીડી, દારૂ, તમાકુ, જુગાર વગેરે પાછળ માસિક સરેરાશ કુટુંબ કેટલો ખર્ચ કરે છે તેનું પ્રમાણ રજૂ કરેલ છે. અહીં તમામ કુટુંબોને આ બાબતનો પ્રશ્ન પૂછવામાં આવેલ છે, જેમાં સૌથી વધુ ૩૩% કુટુંબોએ જણાવેલ છે કે તેઓનો બિન ઉપજાવ ખર્ચ માસિક ૧૫૦૧ રૂ. થી ૨૦૦૦ રૂ. સુધીનો આવી રહેલ છે. આ ખર્ચમાં પેઢામલી ગામના ૪૮% કુટુંબોનો સમાવેશ થાય છે, જે માઢી ગામ કરતા ૨.૮૨ ગણું વધારે છે. બિન ઉપજાવ કશો ખર્ચના થતો હોય તેવા કુટુંબો ૨% માઢી ગામના છે, જ્યારે પેઢામલી ગામમાં આ અંતર્ગત એક પણ કુટુંબનો સમાવેશ થતો નથી. પેઢામલી ગામમાં બિન ઉપજાઓ ખર્ચની શરૂઆત ૫૦૧ રૂ. થી થાય છે જે ૩૦૦૦ રૂ. કરતા વધુ સુધી પહોંચે છે. માસિક સરેરાશ બિન ઉપજાવ ખર્ચ ૩૦૦૦ રૂ. કરતા વધુ થતો હોય તેવા ૪% કુટુંબો છે, જેમાં પેઢામલી ગામના ૭% તથા માઢી ગામના ૧% કુટુંબોનો સમાવેશ થાય છે. પેઢામલી ગામમાં ૯૫% કુટુંબોને સરેરાશ ખર્ચ ૧૫૦૧ રૂપિયા થી વધુ થાય છે, જ્યારે આ પ્રમાણ માઢી ગામમાં ૩૧% નું છે. અહીં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે પેઢામલી ગામમાં લોકો બિન ઉપજાવ બાબતો પાછળ વધુ ખર્ચ કરી રહ્યા છે. અગાઉ આપણે આવકના સંદર્ભે જોયું હતું કે પેઢામલી ગામની આવક માઢી ગામ કરતાં ઓછી છે, જ્યારે અહીં બિન ઉપજાવ વસ્તુ પાછળ પેઢામલી ગામનો ખર્ચ માઢી ગામ કરતાં વધુ જણાય છે. અહીં એ બાબત સ્પષ્ટ થાય છે કે પેઢામલી ગામના કુટુંબોમાં યોગ્ય જાગૃતતા નો અભાવ છે જેથી કરીને કુટુંબના સભ્યો વ્યસન, દારૂ, જુગાર વગેરે જેવા બિન ઉપજાવ બાબતે ખર્ચ કરી રહ્યા છે.




ઉપરોક્ત આલેખમાં જોવા મળે છે કે સૌથી વધુ બિન ઉપજાવ ખર્ચ ગુટકા પાછળ થઈ રહ્યો છે, જેમાં પેઢામલી અને માઢી ગામનું પ્રમાણ અનુક્રમે ૯૬% તેમજ ૯૨% જોવા મળે છે. સૌથી ઓછો ખર્ચ ૧૫% વ્યભિચાર પાછળ થતો ખર્ચ છે, જેમાં પેઢામલી ગામમાં ૨૧% અને માઢી ગામમાં આ પ્રમાણ ૯%નું જોવા મળે છે, અડધા કરતાં વધુ કુટુંબો પેઢામલી ગામના બીડી, તમાકુ, ગુટકા અને દારૂ પાછળ ખર્ચ કરી રહ્યા છે જ્યારે માઢી ગામમાં અડધા કરતાં વધુ કુટુંબો તમાકુ અને ગુટકા પાછળ ખર્ચ કરી રહ્યા છે. આ બંને ગામમાં વ્યસન પાછળ થતો ખર્ચ વધુ છે જે જાગૃતિનો અભાવ દર્શાવે છે.

❖ **કોષ્ટક- ૩:- જ્ઞાતિ મુજબ સરેરાશ બિન ઉપજાઉ ખર્ચ**

| **જ્ઞાતિ મુજબ બિન ઉપજાઉ ખર્ચ** | **સામાન્ય** | | **અનુસૂચિત જાતિ** | | **સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ** | | **લઘુમતી સમુદાય** | |
|---|---|---|---|---|---|---|---|---|
| | આવૃત્તિ | % | આવૃત્તિ | % | આવૃત્તિ | % | આવૃત્તિ | % |
| કોઈ ખર્ચ નહિ | 2 | 2% | 1 | 3% | 1 | 0% | 0 | 0% |
| ૨૦૦ રૂ. થી ઓછો | 4 | 3% | 0 | 0% | 2 | 1% | 0 | 0% |
| ૨૦૧ થી ૫૦૦ રૂ. | 4 | 3% | 4 | 12% | 3 | 1% | 1 | 25% |
| ૫૦૧ થી ૧૦૦૦ રૂ. | 43 | 35% | 6 | 18% | 22 | 9% | 3 | 75% |
| ૧૦૦૦ થી ૧૫૦૦ રૂ. | 36 | 30% | 2 | 6% | 14 | 6% | 0 | 0% |
| ૧૫૦૧ થી ૨૦૦૦ રૂ. | 5 | 4% | 2 | 6% | 123 | 51% | 0 | 0% |
| ૨૦૦૧ થી ૨૫૦૦ રૂ. | 10 | 8% | 6 | 18% | 48 | 20% | 0 | 0% |
| ૨૫૦૧ થી ૩૦૦૦ રૂ. | 14 | 11% | 9 | 26% | 19 | 8% | 0 | 0% |
| ૩૦૦૦ રૂ. થી વધુ | 4 | 3% | 4 | 12% | 8 | 3% | 0 | 0% |
| કુલ | 122 | 100% | 34 | 100% | 240 | 100% | 4 | 100% |

બિન ઉપજાવ ખર્ચને જ્ઞાતિ મુજબ ઉપરોક્ત કોષ્ટકમાં વર્ગીકૃત કરેલ છે, બંને ગામોમાં કુલ ચાર જ્ઞાતિના સમુદાય જોવા મળે છે, જેમાં સામાન્ય જ્ઞાતિ, અનુસૂચિત જાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ તથા લઘુમતી સમુદાયનો સમાવેશ થાય છે. અહીં બિન ઉપજાવ ખર્ચમાં સામાન્ય જ્ઞાતિમાં ૩૫% કુટુંબો છે કે જેઓ ૫૦૧ રૂપિયાથી ૧૦૦૦ રૂપિયા વચ્ચે બિન ઉપજાવ બાબત પાછળ ખર્ચ કરી રહ્યા છે, જે આ જ્ઞાતિમાં સૌથી વધુ પ્રમાણ છે. અનુસૂચિત જાતિમાં સૌથી ઊંચ પ્રમાણ ૨૬% કુટુંબો ૨૫૦૧ રૂપિયાથી ૩૦૦૦ રૂપિયા વચ્ચે ખર્ચ કરી રહ્યા છે. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ સમુદાયમાં ૫૧% કુટુંબો છે કે જે ૧૫૦૧ થી ૨૦૦૦ રૂપિયા વચ્ચે ખર્ચ કરી રહ્યા છે. જ્યારે લઘુમતી સમુદાયમાં ૭૫% કુટુંબો છે જેવો ૫૦૧ રૂપિયાથી ૧૦૦૦ રૂપિયા સુધીનો બિન ઉપજાવ બાબતો પાછળ ખર્ચ કરી રહ્યા છે. તમામ જ્ઞાતિ બાબતે ૧૫૦૦ રૂપિયાથી વધુ ખર્ચ બિન ઉપજાવ બાબતે થતો હોય તેનું જો પ્રમાણ જોઈએ તો, સામાન્ય જ્ઞાતિમાં આ પ્રમાણ ૨૭%નું છે, અનુસૂચિત જાતિમાં આ પ્રમાણ ૬૨% નું છે, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગમાં પ્રમાણ ૮૩% નું છે જ્યારે લઘુમતી સમુદાય અંતર્ગત આમાં એક પણ કુટુંબનો સમાવેશ થતો નથી. ઉપરોક્ત માહિતી વિશ્લેષણના આધારે જાણી શકાય છે કે સૌથી વધુ બિન ઉપજાવ બાબતે ખર્ચ સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના કુટુંબો દ્વારા થઈ રહ્યો છે ત્યારબાદ અનુસૂચિત જાતિના લોકોનો બિન ઉપજાવ બાબત પાછળ ખર્ચ વધુ થઈ રહ્યો છે, જેથી કહી શકાય કે આ બંને જ્ઞાતિઓમાં વ્યસન, દારૂ, જુગાર વગેરેનું દુષણ વધુ પ્રમાણમાં થઈ રહ્યું છે.

❖ **કોષ્ટક-૪ :- તહેવાર/ પ્રસંગ માં માસિક સરેરાશ ખર્ચ**

| **તહેવાર/ પ્રસંગ માં માસિક સરેરાશ ખર્ચ** | **પેઢામલી** | | **માઢી** | | **કુલ** | |
|---|---|---|---|---|---|---|
| | **આવૃત્તિ** | **%** | **આવૃત્તિ** | **%** | **આવૃત્તિ** | **%** |
| કોઈ ખર્ચ નહિ | 0 | 0% | 0 | 0% | 0 | 0% |
| ૨૦૦૦ રૂ. થી ઓછો | 2 | 1% | 0 | 0% | 2 | 1% |
| ૨૦૦૧ થી ૪૦૦૦ રૂ. | 30 | 15% | 8 | 4% | 38 | 10% |
| ૪૦૦૧ થી ૬૦૦૦ રૂ. | 76 | 38% | 24 | 12% | 100 | 25% |
| ૬૦૦૧ થી ૮૦૦૦ રૂ. | 82 | 41% | 42 | 21% | 124 | 31% |
| ૮૦૦૧ થી ૧૦૦૦૦ રૂ. | 4 | 2% | 70 | 35% | 74 | 19% |
| ૧૦૦૦૦ રૂ. થી વધુ | 6 | 3% | 56 | 28% | 62 | 16% |
| કુલ | 200 | 100% | 200 | 100% | 400 | 100% |

ઉપરોક્ત કોષ્ટક તહેવાર પ્રસંગમાં કુટુંબ દ્વારા જે માસિક સરેરાશ ખર્ચ થઈ રહ્યો છે તેને વર્ગીકૃત કરે છે. અહીં નિદર્શમાં સામેલ તમામ કુટુંબોને પ્રશ્ન પૂછવામાં આવેલ છે, જેની માહિતી જોતા સૌથી વધુ એટલે કે ૩૧% કુટુંબોનો તહેવાર / પ્રસંગ પાછળ માસિક સરેરાશ ખર્ચ ૬૦૦૧ રૂપિયાથી લઈને ૮૦૦૦ રૂપિયા સુધીનો થઈ રહ્યો છે, જેમાં પેઢામલી ગામમાં આ ખર્ચનું પ્રમાણ ૪૧% છે જ્યારે માઢી ગામમાં ૨૧% કુટુંબો છે જેઓને આ પ્રમાણેનો ખર્ચ થઈ રહ્યો છે. ૧૬% કુટુંબો એવા છે કે જેઓને માસિક સરેરાશ ખર્ચ ૧૦૦૦૦ રૂપિયા કરતા પણ વધુ આવે છે, જેમાં માઢી ગામમાં ૨૮% કુટુંબો છે જે પેઢામલી ગામ કરતાં સાત ગણા વધારે છે. ૧૧% કુટુંબો એવા છે કે જેઓનો તહેવાર/ પ્રસંગ પાછળ માસિક સરેરાશ ખર્ચ ૨૦૦૦ રૂ. થી ૪૦૦૦ રૂ. વચ્ચે આવી

રહેલ છે, જેમાં પેઢામલી ગામના ૧૬% કુટુંબોનો સમાવેશ થાય છે જ્યારે માઢી ગામના ૪% કુટુંબોનો સમાવેશ થઈ રહ્યો છે. આમ, ઉપરોક્ત માહિતી થી સ્પષ્ટ થાય છે કે તે તહેવાર/ પ્રસંગ પાછળ જે માસિક સરેરાશ ખર્ચ થઈ રહ્યો છે તે ખર્ચમાં માઢી ગામના કુટુંબો દ્વારા ખર્ચ વધુ પ્રમાણમાં થઈ રહ્યો છે, એટલે કે માઢી ગામના કુલ કુટુંબોમાંથી ૮૪% કુટુંબો એવા છે કે જેઓને ૬૦૦૦ રૂપિયા કરતા વધુ ખર્ચ માસિક સરેરાશ થઈ રહ્યો છે, જ્યારે પેઢામલી ગામમાં આ પ્રમાણ ૪૬% નું છે.

❖ **કોષ્ટક- ૫ :- જ્ઞાતિ મુજબ તહેવાર/ પ્રસંગમાં માસિક સરેરાશ ખર્ચ**

| જ્ઞાતિ મુજબ તહેવાર/ પ્રસંગ પાછળ માસિક સરેરાશ ખર્ચ | સામાન્ય | | અનુસૂચિત જાતિ | | સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ | | લઘુમતી સમુદાય | |
|---|---|---|---|---|---|---|---|---|
| | આવૃત્તિ | % | આવૃત્તિ | % | આવૃત્તિ | % | આવૃત્તિ | % |
| કોઈ ખર્ચ નહિ | 0 | 0% | 0 | 0% | 0 | 0% | 0 | 0% |
| ૨૦૦૦ રૂ. થી ઓછો | 0 | 0% | 1 | 3% | 0 | 0% | 1 | 25% |
| ૨૦૦૧ થી ૪૦૦૦ રૂ. | 0 | 0% | 23 | 68% | 13 | 5% | 2 | 50% |
| ૪૦૦૧ થી ૬૦૦૦ રૂ. | 5 | 4% | 1 | 3% | 93 | 39% | 1 | 25% |
| ૬૦૦૧ થી ૮૦૦૦ રૂ. | 22 | 18% | 5 | 15% | 97 | 40% | 0 | 0% |
| ૮૦૦૧ થી ૧૦૦૦૦ રૂ. | 43 | 35% | 3 | 9% | 28 | 12% | 0 | 0% |
| ૧૦૦૦૦ રૂ. થી વધુ | 52 | 43% | 1 | 3% | 9 | 4% | 0 | 0% |
| કુલ | 122 | 100% | 34 | 100% | 240 | 100% | 4 | 100% |

જ્ઞાતિ મુજબ તેહેવાર/ પ્રસંગ પાછળ માસિક સરેરાશ કેટલો ખર્ચ થાય છે તે ઉપરોક્ત કોષ્ટકમાં વર્ગીકૃત કરેલ છે. અહીં કુલ ચાર સમુદાય ની માહિતી મેળવેલ છે જેઓ ગામમાં વસવાટ કરી રહ્યા છે. જેમાં ૪૩% કુટુંબો સામાન્ય જ્ઞાતિના એવા છે જે તહેવાર/ પ્રસંગ પાછળ માસિક સરેરાશ ૧૦૦૦૦ રૂપિયા કરતા પણ વધુ ખર્ચ કરી રહ્યા છે. અનુસૂચિત જનજાતિમાં ૬૮% કુટુંબો છે જે ૨૦૦૧ થી ૪૦૦૦ રૂપિયાનો માસિક સરેરાશ ખર્ચ તહેવાર/ પ્રસંગ પાછળ કરી રહ્યા છે. શૈક્ષણિક સામાજિક પછાત વર્ગમાં ૪૦% કુટુંબો છે જેવો ૬૦૦૧ થી ૮૦૦૦ રૂપિયા સુધીનો માસિક સરેરાશ ખર્ચ કરી રહ્યા છે, જ્યારે લઘુમતી સમુદાયમાં ૫૦% કુટુંબો ૨૦૦૧ થી ૪૦૦૦ રૂપિયા સુધીનો માસિક સરેરાશ ખર્ચ કરી રહ્યા છે. આમ ઉપરોક્ત પ્રમાણ સૌથી વધુ પ્રમાણમાં કુટુંબ કેટલો ખર્ચ કરે છે તે દર્શાવે છે. માસિક ૮૦૦૦ રૂપિયા કરતા વધુ ખર્ચ થતો હોય તેને ચઢતા ક્રમમાં જોઈએ તો લઘુમતી સમુદાય દ્વારા એક પણ કુટુંબ એવું નથી કે જેવો ૮૦૦૦ કરતા વધુ ખર્ચ તહેવાર/ પ્રસંગ પાછળ કરતા હોય, અનુસૂચિત જાતિમાંથી ૧૨% એવા પરિવાર છે કે જે ૮૦૦૦ રૂ. થી વધુ ખર્ચ કરી રહ્યા છે. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગમાં આ પ્રમાણ ૧૫%નું છે, જ્યારે સામાન્ય વર્ગના ૭૮% કુટુંબો ૮૦૦૦ રૂપિયા થી વધુનો ખર્ચ તહેવાર / પ્રસંગ પાછળ કરી રહ્યા છે. આમાં જ્ઞાતિવાર માહિતી જોઈએ તો સ્પષ્ટ થાય છે કે સામાન્ય વર્ગના કુટુંબો તહેવાર અને પ્રસંગો પાછળ ખૂબ જ વધુ ખર્ચ કરી રહ્યા છે.

❖ **કોષ્ટક- ૬:- રીત-રીવાજ સંબંધી માસિક સરેરાશ ખર્ચ**

| રીત-રીવાજસંબંધી માસિક સરેરાશ ખર્ચ | પેઢામલી | | માઢી | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | આવૃત્તિ | % | આવૃત્તિ | % | આવૃત્તિ | % |
| કોઈ ખર્ચ નહિ | 0 | 0% | 0 | 0% | 0 | 0% |
| ૧૦૦૦ રૂ. થી ઓછો | 3 | 2% | 4 | 2% | 7 | 2% |
| ૧૦૦૧ થી ૨૦૦૦ રૂ. | 8 | 4% | 12 | 6% | 20 | 5% |
| ૨૦૦૧ થી ૩૦૦૦ રૂ. | 91 | 46% | 12 | 6% | 103 | 26% |
| ૩૦૦૧ થી ૪૦૦૦ રૂ. | 72 | 36% | 72 | 36% | 144 | 36% |
| ૪૦૦૧ થી ૫૦૦૦ રૂ. | 15 | 8% | 62 | 31% | 77 | 19% |
| ૫૦૦૦ રૂ. થી વધુ | 11 | 6% | 38 | 19% | 49 | 12% |
| કુલ | 200 | 100% | 200 | 100% | 400 | 100% |

ઉપરોક્ત કોષ્ટક રિવાજ સંબંધી માસિક સરેરાશ ખર્ચ અને વર્ગીકૃત કરે છે જેની માહિતી ચકાસતા ૩૬% કુટુંબો એવા છે કે જેઓ રીતરિવાજ પાછળ ૩૦૦૧ થી ૪૦૦૦ રૂપિયા સુધીનો ખર્ચ કરી રહ્યા છે. જેમાં પેઢામલી અને માઢી ગામનું પ્રમાણ એક સરખું જ ૩૬% જોવા મળે છે. ત્યારબાદ ૨૬% કુટુંબ એવા છે જે ૨૦૦૧ થી ૩૦૦૦ રૂપિયાનો માસિક ખર્ચ રીતરિવાજ પાછળ કરી રહ્યા છે, આ પ્રમાણ પેઢામલી ગામમાં ૪૬% નું છે, જ્યારે માઢી ગામમાં ૬% કુટુંબોનો સમાવેશ થાય છે. ૧૨% કુટુંબ એવા છે કે જેવો ૫૦૦૦ રૂપિયા કરતા પણ વધુ ખર્ચ રીત રિવાજ પાછળ કરી રહ્યા છે, જેમાં પેઢામલી અને માઢી ગામ ની માહિતી જોઈએ તો અનુક્રમે ૬% અને ૧૯% જોવા મળે છે. આમ, માઢી ગામમાં અડધા કુટુંબો (૫૦%) એવા છે જે માસિક ૪૦૦૦ રૂપિયા કરતા પણ

વધુ ખર્ચ રીત રિવાજ પાછળ કરી રહ્યા છે, જ્યારે પેઢામલીમાં આ પ્રમાણ ૧૩%નું છે. માહિતીના આધારે જોઈ શકાય છે કે માઢી ગામમાં રીત રિવાજ સંબંધી ખર્ચ ઘણો વધુ છે.

## ૬. તારણો

- અડધા કરતા પણ વધારે (૫૯%) લોકો બિન-ઉપજાઉ બાબતો જેમ કે વ્યસન, દારૂ, જુગાર, બીડી અને વ્યભિચાર પાછળ ૧૫૦૦ રૂ. થી ૩૦૦૦ રૂ. માસિક ખર્ચા કરે છે. પેઢામલી ગામમાં આ પ્રમાણ માઢી ગામની તુલનાએ ત્રણ ગણા કરતા થોડું ઓછું છે, એટલે કે પેઢામલી ગામમાં મોટાભાગના લોકો (૮૮%) આ બાબતે ખર્ચા કરી રહ્યા છે. તેના મુખ્ય કારણ જોઈએ તો અભ્યાસનું ઓછું પ્રમાણ, વ્યસન બાબતે જાગૃતિનો અભાવ, સામાજિક વાતાવરણ વગેરેનો સમાવેશ થાય છે. સૌથી વધુ ખર્ચા ગુટખા અને તમાકુ પાછળ થઈ રહ્યો છે. પેઢામલી ગામના અડધા કરતા વધુ (૫૨%) કુટુંબોમાં દારૂનું વ્યસન જોવા મળેલ છે જે માઢી ગામ (૨૩%) કરતા બમણા કરતા પણ થોડું વધુ છે. વ્યભિચાર પાછળ ખર્ચ થતો હોય તેનું પ્રમાણ પણ ૧૫% જોવા મળેલ છે. આમ, બિન ઉપજાઉ ખર્ચમાં પેઢામલી ગામમાં વધારે પ્રમાણમાં ખર્ચ થઈ રહ્યો છે, જે સામજિક જાગૃતતા નો અભાવ દર્શાવે છે.
- સૌથી વધુ બિન-ઉપજાઉ ખર્ચ એટલે કે રૂ. ૧૫૦૦ થી વધુ ખર્ચ આ બાબતે થતો હોય તેમાં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગમાં (૮૩%), અનુ. જાતિ માં (૬૨%) અને સામાન્ય વર્ગમાં (૨૭%) મુજબ ખર્ચ થઈ રહ્યો છે. જેથી તારણ નીકળે છે કે થઈ રહ્યો છે જેમાં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ અને અનુ. જાતિ માં વ્યસનોનું પ્રમાણ ખુબ વધારે છે, લોકોમાં જાગૃતિનો અભાવ છે તથા તેમના જ્ઞાતિના સામાજિક સંગઠનો દ્વારા વ્યસન મુક્તિની કામની પ્રભાવશીલતા જોવા મળતી નથી અથવા તો આ દિશામાં કોઈ પણ કામ થતું નથી.
- તહેવાર/પ્રસંગ સમાજ માં એવી બાબત છે કે જેને ઉજવવાની જે જૂની પ્રણાલી હતી તેમાં ખુબ જ મોટું પરિવર્તન આવેલ છે પહેલા ના સમયમાં તહેવાર/ પ્રસંગ ઉજવવા માટે કુટુંબ ભેગું મળતું અને ઓછા ખર્ચે તે તહેવાર જેમ કે દિવાળી, જન્માષ્ટમી વગેરે ને ઉજવવામાં આવતા પરંતુ આધુનિક સમયમાં તહેવાર ઉજવણી ખર્ચાળ બની છે તેમાં એકબીજાનું અનુકરણ કરવામાં આવે છે તેથી જ અહી જે માહિતી મળે છે તેમાં જોઈ શકાય છે કે ૯૦% કુટુંબો માસિક સરેરાશ ખર્ચ ૪૦૦૦ રૂ. થી વધુ આવે છે, ખર્ચ પાછળ આવક પણ અસર કરે છે. કારણ કે માઢી ગામમાં સરેરાસ ખર્ચ રૂ. ૮૦૦૦ થી વધુ આવતો હોય તેનું પ્રમાણ ૬૩% છે જયારે પેઢામલી ગામમાં આ પ્રમાણ ૫% નું છે. આવક તો ચોક્કસ અસર કરે છે પરંતુ સામાજિક દેખા-દેખી પણ એટલી જ અસર કરે છે. સામાન્ય જ્ઞાતિમાં આ ખર્ચ કરનાર કુટુંબો નું પ્રમાણ સૌથી વધુ છે એટલે કે અહી ૮૦૦૦ રૂ. કરતા વધુ સરેરાસ ખર્ચ કરનાર કુટુંબો ૭૮% છે જયારે અનુ.જાતિ અને સા.શૈ.પ.વ. માં અનુક્રમે ૧૨% અને ૧૬% છે. આ બાબત દર્શાવે છે કે સામાન્ય વર્ગમાં તહેવાર/ પ્રસંગ પાછળ ખર્ચ એ સામજિક મોભાની નિશાની ગણાય છે એટલે જે લોકોને સારી આવક હોય તે ખર્ચ કરે જ છે પરંતુ મધ્યમ કે ઓછી આવક વાળા કુટુંબો પણ ખર્ચ વધુ પ્રમાણમાં કરી રહ્યા છે.
- લોકો રીત/રીવાજ પાછળ આવક કરતા પણ વધુ ખર્ચા કરી રહ્યા છે ૧/૩ લોકો માસિક સરેરાશ ખર્ચ રૂ. ૪૦૦૦ થી વધુ કરી રહ્યા છે. અહી રીત/ રીવાજ એટલે કોઈ મહેમાન આવે તો તેઓને પહેરામણી, કોઈ સગાને ત્યાં પ્રસંગ હોય તો ત્યાં ભેટ સોગાદ, દીકરીના સાસરીયા માટે ભેટ સોગાદ વગેરેનો સમાવેશ થાય છે. સમાજ એવી માન્યતા ધીમે-ધીમે વધતી જાય છે કે જે લોકો આ પ્રકારના ખર્ચા કરે તે પરિવાર સારો અને જે રીત-રીવાજ નથી નિભાવી સકતા તે કુટુંબ નબળા છે. રીત-રીવાજ પાછળના ખર્ચ થી કુટુંબ ના દીકરા-દીકરી માટે સંબંધ કરવામાં પણ આ બાબત અસર કરતી હોય લોકો આ બાબતે પોતાની આવક કરતા ખર્ચા વધુ કરી રહ્યા છે. ૧/૪ લોકો મનોરંજન પાછળ ૧૦૦૦ રૂ. કરતા વધુ ખર્ચા કરી રહ્યા છે માઢી ગામના (૩૯%) લોકો પેઢામલી (૧૧%) ગામ કરતા ત્રણ ગણા વધુ ખર્ચા કરી રહ્યા છે.
- ઉપરોક્ત તમામ બાબતે આખરી તારણ અન્ય ખર્ચ બાબતે જોઈએ તો લોકો સામાજિક સ્થિતિ, સગા-સંબંધી સાથેના વ્યવહારો, વ્યસનો, એકબીજાનું આંધળું અનુકરણ, સમાજિક જાગૃતિનો અભાવ વગેરે કારણોસર ખર્ચા વધી રહેલ છે.

## ૭. સૂચનો

1. લોકોમાં વ્યસન, જુગાર, દારૂ, બીડી, તમાકુ અને વ્યભિચાર જેવું પ્રમાણ ખુબ મોટા પ્રમાણમાં જોવા મળેલ છે આ બધી બાબતે ખર્ચા તો થાય જ સામે બીમારીઓ પણ આવે છે અને સામાજિક પ્રતિષ્ઠા ને નુકશાન થાય છે તે તો અલગ જ. અહી ગ્રામીણ ધાર્મિક સંગઠનો, સામાજિક સંગઠનો અને આગેવાનો, સ્વ-સહાય જૂથો, ધાર્મિક ગુરુઓ, ભૂવાઓ વગેરેને સાથે લઈને ગામમાંથી આ દુષણો દુર કરવા માટે પ્રયત્નો કરીને એક તંદુરસ્ત સમાજ બનાવવા પ્રયત્ન કરવા જોઈએ.
2. સામાજિક રીત-રીવાજો પાછળ અઢળક ખર્ચા થઈ રહ્યા છે જો આ ખર્ચા ના કરે તો સમાજમાં તેની આબરૂ સારી ના ગણાય તેવી પરિસ્થિતિ છે માટે આવક ના હોય તો પણ લગ્ન, સગાઈ, બાબરી, શ્રીમંત વગેરે પાછળ અઢળક ખર્ચા કરવામાં આવે છે. આવા ખર્ચા દુર કરવા માટે સામાજિક આગેવાનો દ્વારા નક્કર પગલા લેવાવા જોઈએ, જે આગેવાનો છે જે રૂપિયા વાળા કુટુંબો છે તેઓએ સાદાઈ થી આ પ્રકારના પ્રસંગો કરીને સમાજને સંદેશો આપવો જોઈએ જેથી ઓછી આવક ધરાવનાર લોકો પણ સાદાઈ થી પ્રસંગો કરવામાં શરમ સંકોચ ના અનુભવે. માટે અહી સામાજિક સંગઠનો અને આગેવાનો દ્વારા પગલા લેવાઈ તો જ આ રીવાજો પાછળ થતા બિન જરૂરી ખર્ચાઓ દુર થઈ શકે.

## ૮. નિષ્કર્ષ

જ્ઞાતિ મુજબ સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ અને અનુસુચિત જાતિમાં આ પ્રમાણ સામાન્ય વર્ગ કરતા વધુ પ્રમાણ માં જોવા મળે છે. લોકોમાં- સમાજમાં દેખા દેખીનું પ્રમાણ ખુબ વધુ માત્રામાં થઈ રહ્યું છે જેના પરિણામે લોકો સમાજમાં પોતાનું નામ ઊંચું રાખવા માટે સામાજિક રીત રીવાજો, પ્રસગો વગેરેમાં ખુબ વધુ પ્રમાણમાં ખર્ચા કરી રહ્યા છે અને આ ખર્ચા પુરા કરવામાં

૧/૪ કુટુંબોને દેવું લેવું પડે છે. સામાજિક રીત-રીવાજો પાછળ અઢળક ખર્ચા થઈ રહ્યા છે જો આ ખર્ચા ના કરે તો સમાજમાં તેની આબરૂ સારી ના ગણાય તેવી પરિસ્થિતિ છે માટે આવક ના હોય તો પણ લગ્ન, સગાઈ, બાબરી, શ્રીમંત વગેરે પાછળ અઢળક ખર્ચા કરવામાં આવે છે. આવા ખર્ચા દુર કરવા માટે સામાજિક આગેવાનો દ્વારા નક્કર પગલા લેવાવા જોઈએ, જે આગેવાનો છે જે રૂપિયા વાળા કુટુંબો છે તેઓએ સાદાઈ થી આ પ્રકારના પ્રસંગો કરીને સમાજને સંદેશો આપવો જોઈએ જેથી ઓછી આવક ધરાવનાર લોકો પણ સાદાઈ થી પ્રસંગો કરવામાં શરમ સંકોચ ના અનુભવે. માટે અહી સામાજિક સંગઠનો અને આગેવાનો દ્વારા પગલા લેવાઈ તો જ આ રીવાજો પાછળ થતા બિન જરૂરી ખર્ચાઓ દુર થઈ શકે.

## સંદર્ભસૂચી


1. Dr.(Mrs) Jasdeep Kaur, Dr.Pratima Pradhan (2013) “Gandhian Thoughts A way For crating a sustainable lifestyle.
2. Dr.(Mrs) Mintu Sinha (2013) ”Management of Health and food nutrition in present life style disorder”
3. મોહનદાસ કરમચંદ ગાંધી(1938) “હિન્દ સ્વરાજ” નવજીવન પ્રકાશન મંદિર, ગાંધીજી (1948 ) “આરોગ્યની ચાવી” નવજીવન પ્રકાશન મંદિર, ગાંધીજી(1963) ”મારા સ્વપ્નનું ભારત” નવજીવન પ્રકાશન મંદિર અને ગાંધીજી (1930)” મંગળ પ્રભાત” નવજીવન પ્રકાશન મંદિર.
4. Gandhi, M. (n.d.). *Ideas on rural development*. Retrieved from https://www.gandhiheritageportal.org
5. Gandhi, M. (n.d.). *Self-reliance and Swaraj*. Retrieved from https://www.gandhiheritageportal.org
6. Gandhi, M. (n.d.). *Khadi and Handicrafts*. Retrieved from https://www.gandhiheritageportal.org